# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-08-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM-બેંગલુરૂ મેટ્રો ઉદ્ઘાટન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, તેમની સરકાર ભારતીયોના સક્રિય સમર્થનથી 2047 સુધીમાં વિકસિત ભારતને શક્ય બનાવવાનું લક્ષ્ય ધરાવે છે. ગઈકાલે બેંગલુરુમાં નમ્મા મેટ્રોના ત્રીજા તબક્કાના ઉદ્ઘાટન બાદ બોલતા તેમણે સુધારા, પ્રદર્શન અને પરિવર્તન દ્વારા ભારતને વિકસિત દેશ બનાવવા માટે તેમની સરકારે લીધેલા પગલાંઓની માહિતી આપી. તેમણે કહ્યું કે, આ યાત્રા 2014 પહેલા જ્યારે ભારત 10 દેશોમાં હતું ત્યારે શરૂ થઈ હતી. હવે ભારતીય અર્થતંત્ર પાંચમું સૌથી મોટું અને ઝડપી અર્થતંત્ર છે. મેટ્રો રેલ પાંચ શહેરોથી 24 શહેરોમાં વિકસ્યું છે અને મેટ્રો નેટવર્કની દ્રષ્ટિએ વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમનું સૌથી મોટું છે.

------------------------------------------------------------------------------------------------

## PM-સાંસદ ફ્લેટ ઉદ્ઘાટન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં બાબા ખારક સિંહ માર્ગ પર સાંસદો માટે ૧૮૪ નવા બનેલા ટાઇપ-૭ બહુમાળી ફ્લેટનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે, પ્રધાનમંત્રી રહેણાંક સંકુલમાં સિંદૂરનો છોડ પણ લગાવશે, કામદારો સાથે વાતચીત કરશે અને સભાને સંબોધિત કરશે. પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું છે કે દરેક રહેણાંક એકમનો વિસ્તાર લગભગ પાંચ હજાર ચોરસ ફૂટ છે, જે રહેણાંક અને સત્તાવાર કાર્યો બંને માટે પૂરતી જગ્યા પૂરી પાડે છે. ઓફિસો, સ્ટાફ રહેઠાણ અને સમુદાય કેન્દ્ર માટે સમર્પિત વિસ્તારોનો સમાવેશ સાંસદોને જન પ્રતિનિધિઓ તરીકે તેમની જવાબદારીઓ નિભાવવામાં મદદ કરશે.

------------------------------------------------------------------------------------------------

## રાજ્યપાલ-ભચાઉ ખાતે દિવ્યાંગજનો:

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષ સ્થાને ગઈકાલે કચ્છના ભચાઉ ખાતે દિવ્યાંગો માટે સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો. શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થા દ્વારા આયોજિત સહાય વિતરણ કાર્યક્રમમાં દિવ્યાંગજનોને રાજ્યપાલના હસ્તે ઇલેક્ટ્રીક અને મેન્યુઅલ ટ્રાઈ સાઇકલ, વ્હીલ શેર કેલિપર અને સ્માર્ટફોન સહિતના જીવન જરૂરી સાધનોનું વિતરણ કરવામાં આવ્યું. આ તકે , રાજ્યપાલશ્રીએ દિવ્યાંગજનોના સશક્તિકરણની દિશામાં શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થાની પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે, દિવ્યાંગજનો એ આપણા સમાજનું અભિન્ન અંગ છે અને દિવ્યાંગજનોને મુખ્ય ધારામાં લાવવા એ આપણા સૌનું સામાજિક દાયિત્વ છે.

આ પ્રસંગે તેમણે સમગ્ર માનવ જાતના કલ્યાણ માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ પણ કર્યો હતો.

---

## પોલીસ-સરપંચ પરિસંવાદ :

ગ્રામ્ય પોલીસિંગને વધુ અસરકારક અને મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે ગઈકાલે રાજ્યભરમાં 'પોલીસ-સરપંચ પરિસંવાદ' કાર્યક્રમ યોજાયો હતો. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી સુરત જિલ્લાના કામરેજ પોલીસ મથકમાં સરપંચો અને ગ્રામજનો સાથે પરિસંવાદમાં ઉપસ્થિત રહ્યા હતા.

પોલીસ અને સરપંચ વચ્ચે સુમેળ અને સહયોગ વધારવા માટે આ પરિસંવાદનું આયોજન કરાયું હતું જેમાં સરપંચોને તેમના પ્રશ્નો રજૂ કરવા, સુધારાના સૂચનો આપવા અને પોલીસ સાથે સક્રિય સહયોગ કરવા માટે પ્રોત્સાહિત કરાયા હતા.

કચ્છમાં પણ ગઈકાલે પુર્વ કચ્છ અને પશ્ચિમ કચ્છ જીલ્લા પોલીસ હેઠળના વિવિધ પોલીસ સ્ટેશનો દ્વારા પોલીસ સરપંચ પરીસંવાદ કાર્યક્રમો યોજાયા હતા.

---

## રાજ્યમાં જળાસયોની સ્થિતિ:

રાજ્યમાં મોસમનો સરેરાશ 64 ટકા વરસાદ નોંધાયો છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ સરેરાશ 68 ટકા વરસાદ નોંધાયો છે. જળાશયોની સ્થિતની વાત કરવામાં આવે તો રાજ્યના 52 જળાશય હાઇ અલર્ટ પર છે. જ્યારે 24 જળાશય એલર્ટ પર છે. રાજ્યના 29 જળાશય 100 ટકા ભરાયા છે. અત્યાર સુધી પડેલા વરસાદના કારણે 763 લોકોને સુરક્ષિત સ્થળ ખસેડાયા છે. જ્યારે 4 હજાર 399 લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

---

## ભુજ હાટ ખાતે પ્રદર્શન:

રાષ્ટ્રીય હાથશાળ દિવસ 2025 અંતર્ગત સપનુ જુઓ અને સાકાર કરો એ થીમ હેઠળ નાબાર્ડ દ્વારા આયોજીત ગ્રામીણ ભારત મહોત્સવ ગુજરાત 2025 ઉજવણી હેતુ ભુજ હાટ ખાતે ત્રિદિવસીય મહોત્સવ હેન્ડલુમ અને હેન્ડીકાફ્ટ પ્રર્દશન યોજાઈ ગયું. કચ્છના કારીગરોએ પોતાની કળાની પ્રદર્શની યોજી હતી.નેશનલ એવોર્ડ કારીગરોને સન્માન પત્રથી નવાજાયા હતા. તેમજ કારીગરોને આર્ટીશન કાર્ડ તથા સહાય અપાઈ હતી.

---

## ઘડુલી ખાતે રમોત્સવ:

લખપત તાલુકાના ઘડુલી ગામે હાઇસ્કૂલ ખાતે ગ્રામ પંચાયતની પ્રેરણાથી ઘડુલી બાલિકા પંચાયત દ્વારા મહિલા રમતોત્સવ-2025 યોજાયો હતો, જેમાં નવ રમતમાં 200 મહિલાએ ભાગ લીધો હતો. આ પ્રસંગે તાલુકા સરપંચ સંગઠનના પૂર્વ પ્રમુખે મહિલા રમતોત્સવથી મહિલાઓમાં જાગૃતિ આવે, રમતો પ્રત્યે રુચિ વધે તે હેતુ હોવાનું જણાવ્યું હતું. કાર્યક્રમમાં નવ રમતોમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય આવનાર મહિલાઓને જુદી-જુદી કેટેગરી પ્રમાણે ઇનામો અપાયાં હતાં.

---